# <u>સંસ્થા ખાતે આવેલ કેન્ટીન ચલાવવા માટેની સેવા પૂરી પાડવા માટેનું ટેન્ડર ફોર્મ</u>

**સંસ્થાનું નામ : સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા**

**શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫**

| | |
|---|---|
| પરિશિષ્ટ-૧ | સંસ્થા ખાતે કેન્ટીન ચલાવવાનો ઇજારો આપવા અંગેના કરારની શરતો |
| પરિશિષ્ટ-૨ | દૈનિક નાસ્તો પૂરું પાડવાના દર (નાસ્તાના પ્રમાણ અને પ્રકાર સાથે) ભાવપત્રક |
| પરિશિષ્ટ-૩ | કેન્ટીન માટેના ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો |
| પરિશિષ્ટ-૪ | પૂર્વ લાયકાત માટેનું પત્રક તથા ટેન્ડર ફૉર્મ સાથે જોડવાના દસ્તાવેજ તથા પ્રમાણપત્રોની યાદી. |
| પરિશિષ્ટ-૫ | પેઢી/એજન્સી તરફથી ઓફર કરવામાં આવેલ નિભાવ ખર્ચ પેટે ની રકમ નું પત્રક |
| ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ: (ઓનલાઈન ડાઉનલોડ કરવું) | તા- ૦૩/૦૮/૨૦૨૫ થી તા- ૨૪-૦૮-૨૦૨૫; ૧૫:૦૦ કલાક સુધી. |
| પૂર્વ માહિતી (prebid) મીટીંગની તારીખ, સમય અને સ્થળ. | તારીખ- ૧૯/૦૮/૨૦૨૫; સમય બપોરે ૧૨:૦૦ કલાકે કોન્ફરન્સ રૂમ, મેઈન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| ભરેલ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ સમય અને સ્થળ. | તારીખ: ૨૬-૦૮-૨૦૨૫ સમય ૧૬:૦૦ કલાક સુધી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| સંસ્થા સાથે પત્ર વ્યવહાર માટેનું પુરૂ સરનામું | આચાર્યશ્રી ની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ |
| ટેંન્ડર ફી (ફોર્મની કિંમત) | ટેન્ડર ફોર્મ સંસ્થાની કચેરીમાં રૂ. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) રોકડેથી ટેન્ડર ફી પેટે ભરી રૂબરૂમાં મેળવી શકાશે (Non refundable) |

તારીખ:

આચાર્ય
સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા

---

## <u>ટેન્ડર મેળવનાર પેઢી / એજન્સી ની વિગત:</u>

આપનો ફોટો અહી ચીપકાવો

પેઢી નું નામ: ____________________

સરનામું: ____________________

____________________

ફોન / મોબાઈલ નં : ____________________

CANTEEN TENDER

## પરિશિષ્ટ-૧

## સંસ્થા ખાતે કેન્ટીન ચલાવવાનો ઇજારો આપવા અંગેના કરારની શરતો.

(૧) ટેન્ડર ભરનાર એજન્સીએ સંબંધિત કચેરીમાંથી મેળવેલું અસલ ટેન્ડર (કચેરીના સિક્કા તથા નંબર સાથેનું) જ ભરીને પરત કરવાનું રહેશે. બહારથી મેળવેલું કે ઝેરોક્ષ કરાવેલ ટેન્ડર માન્ય ગણાશે નહીં. ટેન્ડરના દરેક પાના ઉપર ઈજારેદારે ની સહી તથા સિક્કો હોવો ફરજિયાત છે.

(૨) ઇચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતીની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કેન્ટીનની સ્થિતી વગેરેથી સુમાહિતગાર થઈ શકશે. આ અંગેની પ્રી-બીડ મીટીંગ તારીખ- ૧૯/૦૮/૨૦૨૫ સમય બપોરે ૧૨:૦૦ કલાકે કોન્ફરન્સ રૂમ, મેઈન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા - ૩૮૩૩૧૫ ખાતે રાખેલ છે.

(3) ટેન્ડરની સાથે બિડાણનું ચેક લિસ્ટ :

(અ) પૂર્વ – લાયકાતનું સીલબંધ કવર :

- (૧) ઈ. એમ. ડી. નો ડ્રાફ્ટ
- (૨) પરિશિષ્ટ-૧, પરિશિષ્ટ-૨, અને પરિશિષ્ટ-૩ ના તમામ પાનાં ઉપર જરૂરી વિગતો ભરી કોન્ટ્રાકટરની સહી સિક્કા સાથે
- (૩) પરિશિષ્ટ-૪ માં દર્શાવેલ અનુક્રમવાર આપવામાં આવેલ વિગતોની ફોટો નકલ/સદર્ભ પત્રો/ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર, એજન્સીના સહી સિક્કા સાથે રજૂ કરવા, જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહીં.
- (૪) બાંહેધરી પત્ર

(બ) ભાવ પત્રકનું સીલબધ કવર :

- (૧) પરિશિષ્ટ-૫ નાં તમામ પાનાં ઉપર કોન્ટ્રાકટરની સહી-સીકકા સાથે

(૪) એજન્સીએ એક મોટા કવર ઉપર મોટા અક્ષરે "કેન્ટીનનુ ટેન્ડર- ૨૦૨૫" લખી તેમાં (૧) પૂર્વલાયકાતનું બંધ કવર તથા (૨) ભાવપત્રકનું સીલબંધ કવર સીલબંધ હાલતમાં તારીખ: ૨૬-૦૮-૨૦૨૫ ના રોજ સાંજના ૧૬:૦૦ કલાક સુધીમાં આચાર્યશ્રીની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસા – ૩૮૩૩૧૫ ખાતે કોઈ પણ માધ્યમથી (રૂબરૂ, કુરીયાર થી/ આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટ) થી નિયત સમય મર્યાદા માં મળી રહે તે રીતે એજન્સી ની સંપૂર્ણ જવાબદારી થી મોકલી આપવાનું રહેશે. વિલંબ થી મળેલ ટેન્ડર માટે સંસ્થા કોઇ રીતે જવાબદાર રહેશે નહી. નિયત તારીખ સમય બાદ મળેલા ટેન્ડર રદ-બાતલ ગણાશે.

(૫) પૂર્વલાયકાત ધરાવતું ટેકનીકલ બીડનું કવર તારીખ: ૨૮/૦૮/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે આચાર્યશ્રી ની કચેરીમાં ખોલવામાં આવશે.

(૬) ટેન્ડર ભરનાર એજન્સીએ અરજી સાથે અર્નેસ્ટમની ડિપોઝીટ તરીકે રૂ.૧૦,૦૦૦/-ની રકમનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ "આચાર્ય સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા" ના નામજોગ તથા payable at Modasa હોય તેમ જમા કરવાનો રહેશે. અર્નેસ્ટમની ડિપોઝીટ (EMD) વગરના ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. કામ નો ઇજારો ના મેળવનાર એજન્સીને તેઓને અર્નેસ્ટમની ડિપોઝીટ (EMD) ની રકમ એક માસ બાદ પરત મળવાપાત્ર રહેશે.

CANTEEN TENDER

(૭) એજન્સીએ ટેન્ડર સ્વીકાર્યા થી દિન-૭ માં સીક્યોરીટી ડીપોઝીટ તરીકે ૨૫,૦૦૦/- (પચ્ચીસ હજાર પૂરા) નો નેશનલાઇઝ્ડ બેંકનો ડિમાન્ડ ડ્રાફ્ટ "આચાર્ય સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા" ના નામજોગ તથા payable at Modasa હોય તેમ "આચાર્યશ્રીની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા" ના કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે. કરારખત રૂપિયા ૫૦/- (પચાસ) ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનો રહેશે. સિક્યોરીટી ડીપોઝીટ જમા થયા બાદ જ કેન્ટીન ચાલુ કરવાની મંજુરી આપવામાં આવશે. ઉપરોક્ત સિક્યોરીટી ડિપોઝીટ ની રકમ કરારની તમામ શરતો અને મુદત પૂર્ણ થયાના એક માસ બાદ, કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામા આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઇપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહી.

(૮) નિયમ મુજબ એજન્સી ને કામ નો ઇજારો આપ્યા બાદ તે એજન્સી ટેન્ડરમાં દર્શાવેલ કામગીરી કરવાની અસમર્થતતા દર્શાવશે તો અર્નેસ્ટમની ડિપોઝીટ જપ્ત કરી લેવામાં આવશે.

(૯) કોન્ટ્રાકટરે પોતાની સસ્થાનું રજીસ્ટ્રેશન કર્યાની નકલ, PAN CARD ની નકલ, આ પ્રકારના કાર્ય કરેલ હોય તેના અનુભવના પ્રમાણપત્ર/ઓર્ડરની નકલ રજૂ કરવાની રહેશે. કોન્ટ્રાકટર કોઈ નાણાકીય સસ્થાનાં ડીફોલ્ટર નથી તથા કોઈ પોલીસ કેસ રેકર્ડ પર નહી હોવાનું એકરાર નામું રજૂ કરવાનું રહેશે.

(૧૦) નિયત સમય મર્યાદામાં રજી. પો.એ.ડી. થી મળેલ ટેન્ડર તા- ૨૮/૦૮/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, શામળાજી રોડ, મોડાસાની કચેરી ખાતે ખોલવામાં આવશે. જેમાં ટેન્ડર ભરનાર અથવા નિયુકતી કરેલ પ્રતિનીધી હાજર રહી શકશે.

(૧૧) જો એજન્સી દ્વારા શરતોનું પુરેપુરૂ પાલન નહી કરવામાં આવે, તો સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૧૨) સંસ્થા ખાતેની કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ પ્રાથમિક તબક્કે ૦૧ (એક) વર્ષ સુધીનો રહેશે. સદર કરારમાં ઘટાડો કે વધારો કરવાનો અધિકાર આચાર્યશ્રીનો રહેશે. જે અંગે સંબંધિત ઈજારાદારને એક માસ પૂર્વે માહિતગાર કરવામાં આવશે. જો એજન્સીની કામગીરી સંતોષકારક માલૂમ પડશે તો, આ જ શરતો અને ભાવથી બીજા વર્ષ માટે મુદ્દત વધારી આપવામાં આવશે.

(૧૩) એજન્સીને પાણીનો પુરવઠો વિના મૂલ્યે આપવામા આવશે. જો એમ માલૂમ પડશે કે એજન્સી પાણીનો દુરઉપયોગ કરે છે તો પાણીનો પુરવઠો બંધ કરવામાં આવશે. અને પાણી અંગેની વૈકલ્પિક વ્યવસ્થા એજન્સીએ જાતે જ કરવાની રહેશે.

(૧૪) એજન્સી એ વીજળીના બીલ માટે સસ્થા તરફથી અલગ ઈલેકટ્રીક મીટર મુકવામાં આવશે તથા પ્રતિ માસ વપરાશ અનુસાર ઇલેકટ્રીક બીલ ની રકમ ની આકારણી કરવામાં આવશે. લાગુ પડતી રકમ જે તે પેઢી એ એકાઉન્ટ સેકશનમાં દર મહિનાની ૧૦ તારીખ સુધી ભરી દેવાની રહેશે. તેની પહોચ જીમખાના વિભાગના ઈન્ચાર્જ/આસીસ્ટન્ટને સબમીટ કરવાની રહેશે. જો એમ કરવામાં એજન્સી નિષ્ફળ જશે, તો કોન્ટ્રાકટ રદ થવાને પાત્ર થશે તેમજ સદર નાણાની વસૂલાત એજન્સીએ જમા કરાવેલ સિક્યોરીટી ડીપોઝીટમાંથી કરવામાં આવશે.

(૧૫) સંસ્થા તરફથી ફર્નિચર તથા અન્ય સાધનો જે સ્થિતીમાં અને જેમ છે તે મુજબ અને તે જ સ્થિતીમાં આપવામાં આવશે. ફર્નિચર તથા અન્ય સાધનો સાચવવાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. કોન્ટ્રાકટ પૂરો થયે, એજન્સીએ સંસ્થાએ આપેલ તમામ ફર્નિચર તથા અન્ય સાધનો અધ્યતન હાલતમાં સંસ્થાને પરત કરવાના રહેશે. સંસ્થા તરફથી આપવામાં આવેલ ફર્નિચરની યોગ્ય નિભાવણી કરવાની રહેશે.

CANTEEN TENDER

(૧૬) સૂચનો અને ફરિયાદો અંગેનુ એક રજીસ્ટર એજન્સીએ કોન્ટ્રાકટ મળ્યા પછી જાહેરમાં ટેબલ પર રાખવાનુ રહેશે.

(૧૭) એજન્સીએ મુખ્ય ચીજ-વસ્તુઓના ભાવોનું ભાવપત્રક બધાને સારી રીતે દેખાય અને વાંચી શકાય એ રીતે કેન્ટીનમાં રાખવાનું રહેશે. અને ભાવપત્રકમાં દર્શાવેલ ભાવો પ્રમાણે જ ગ્રાહક પાસેથી વસૂલવાના રહેશે.

(૧૮) કેન્ટીનમાં કોઈપણ જ્ઞાતીના અને ધર્મના ભેદભાવ વિના દરેકને પ્રવેશવાનો અધિકાર રહેશે.

(૧૯) એજન્સીએ કેન્ટીનમાં કર્મચારી તરીકે પુખ્તવયના કર્મચારીઓને જ નિમવાના રહેશે. આ કર્મચારીઓ ફરજ દરમ્યાન કોઇ ગંભીર/ચેપી બિમારીથી પીડાતા ન હોવા જોઈએ.

(૨૦) કેન્ટીનમાં કામ ન કરતાં હોય તેવા બહારબી કોઈ પણ વ્યકિત કેન્ટીન માં રાત્રે રોકાણ કરી શકશે નહી.

(૨૧) એજન્સી એ વિવિધ ખાદ્ય સામગ્રી બનાવવા માટે ભારત સરકારના Food Safety and Standards Act, 2006 ના ધારા ધોરણો મુજબ ની ગુણવત્તાનુ અનાજ, ખાધતેલ, કઠોળ કે અન્ય ચીજવસ્તુઓ વાપરવાની રહેશે.

(૨૨) કેન્ટીનમાં કામ કરતા કર્મચારીઓને એજન્સી તરફથી ગણવેશ આપવાનો રહેશે. ગણવેશ સિવાય કર્મચારીઓ પાસે કામ લઇ શકાશે નહી.

(૨૩) ફૂડ કોન્ટ્રોલ ખાતા તરફથી તેમજ મ્યુનિસિપાલીટી હેલ્થ ખાતા તરફથી અવાર-નવાર તપાસણી થતા કસુરવાર જણાયે નિમણૂંક પામેલ એજન્સીનો કોન્ટ્રાકટ કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય રદ કરવામાં આવશે તથા તેઓની ડિપોઝીટ પણ જપ્ત કરવામાં આવશે.

(૨૪) વિધાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર ન પહોંચે એ હેતુસર તેમને સમયસર નાસ્તો પીરસવાનો રહેશે. અસામાન્ય સજોગોમાં કેન્ટીન કમિટીના પરામર્શમાં રહી સમયમાં વધારો/ઘટાડો કરી શકાશે.

(૨૫) કેન્ટીનમાં બેનર કે કોઇ પણ પ્રકારની જાહેરાત લગાડવા માટે સંસ્થાની પરવાનગી લેવાની રહેશે.

(૨૬) એજન્સીની કોન્ટ્રાકટની મુદત પુરી થતા જ કેન્ટીનનો ચાર્જ આચાર્યશ્રીને સોંપવાનો રહેશે. તેમ કરવામાં કસુર થશે તો સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત થશે તેમજ કેન્ટીન ખાલી કરાવવા માટે જે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેનો સઘળો ખર્ચ એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨૭) નિયમાનુસાર કેન્ટીન ચલાવવા માટેના જરૂરી લાયસન્સો અને પરવાનગીઓ જે તે એજન્સીએ સરકારશ્રીની નિયુક્ત કચેરીમાંથી જાતે મેળવી સસ્થાને એક માસ માં રજૂ કરવાના રહેશે, અને તેમાં બેદરકારી રાખવા બદલ એજન્સીની ઇજારો તાત્કાલિક અસરથી રદ થશે.

(૨૮) એજન્સીએ કેન્ટીન માં નોકરો પોતાની રીતે લાવવાના રહેશે, અને તેઓની સંપૂર્ણ જવાબદારી નિયુક્ત થયેલ એજન્સીની રહેશે. કેન્ટીનમાં કામ કરતા દરેક કર્મચારીઓના નામ, સરનામા તથા ફોટાની માહિતી સંસ્થાના કાર્યાલયમાં અને કેન્ટીન ઈન્ચાર્જશ્રી ને સબમીટ કરવાના રહેશે.

(૨૯) એજન્સીએ કેન્ટીનમાં નાસ્તો/વાનગી બનાવવા માટે, પીરસવા માટે તેમજ સફાઇ માટે જરૂરી કર્મચારીઓને એજન્સીએ પોતાના ખર્ચે રાખવાના રહેશે. આ કર્મચારીઓની વર્તુણુંક સારી, વિનયી હોવી જોઇએ અને તે કોઇ ગેરકાનૂની પ્રવૃતિ ન કરે તે જોવાની જવાબદારી તેઓની રહેશે. કર્મચારીઓ સ્વચ્છ કપડા સાથે કામ કરતા હોવા જોઈએ.

(૩૦) કેન્ટીનમાં કેફી દ્રવ્યો, નશાકારક કે પ્રતિબંધિત ખાધ્ય કે પેય વસ્તુ વેચી શકશે નહીં. આમાં જો કોઇ ચૂક થશે, તો કરાર તુરંત રદ થયેલ ગણાશે અને સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

CANTEEN TENDER

(૩૧) એજન્સી એ પોતાની કામગીરી માટે રોકેળ કર્મચારીઓ તથા નોકરોનો પગાર, ખાધાખોરાકી અને અન્ય ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેશે. આ અંગે કચેરીની કોઈ જવાબદાર રહેશે નહી.

(૩૨) એજન્સીએ દરરોજ કેન્ટીનમાં નોટીસ બોર્ડ પર રોજ રોજની વાનગીઓ/નાસ્તાની યાદી ફરજિયાત લખવાની રહેશે.

(૩૩) એજન્સી કેન્ટીનના કોઈ ભાગને ભાડે અથવા પેટાભાડે આપી શકાશે નહી, તથા કેન્ટીનના મકાનમાં વિના મંજૂરી કોઈ જાતનો ફેરફાર કરી શકશે નહી.

(૩૪) એજન્સી કેન્ટીનમાં સંસ્થા દ્વારા આયોજીત પ્રોગ્રામ સીવાય અન્ય કોઈ પાર્ટી, રીસેપ્સન અથવા મેળાવડા નું આયોજન કરી શક્શે નહિ.

(૩૫) કેન્ટીનમાં વિધાર્થીઓએ પોતાનો નાસ્તો લઇને આવે તો બેસવા દેવાની છૂટ આપવાની રહેશે.

(૩૬) કેન્ટીનની અંદર અને મેસની આસપાસની જગ્યાની સફાઇ કરાવવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૩૭) એજન્સી સંસ્થા દ્વારા આપવામાં આવેલ ફર્નિચર, ઈલેકટ્રીકલ આઈટમો કે અન્ય સાધનો કેમ્પસ બહાર લઈ જઈ શકશે નહીં, વાપરી શકશે નહીં. જો આવી બાબત ધ્યાનમાં આવશે તો કરાર રદબાતલ કરવામાં આવશે અને સિકયોરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૩૮) એજન્સીએ કેન્ટીનમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેમની ફરજ દરમ્યાન કોઈ અકસ્માત, મૃત્યુ કે શારીરિક ઈજાનો પ્રસંગ બને તો તે અંગેની જવાબદારી એજન્સીની રહેશે. આ અંગે ચૂકવવાપાત્ર નુકશાની કે દાવાની કોઇ રકમની ચુકવણી સંસ્થા કરશે નહી.

(૩૯) આચાર્યશ્રી/કમીટી તરફથી વખતો વખત મળતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૪૦) શરતી ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૪૧) કોઈ પણ પ્રકારની તકરાર ના સંજોગો માં આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૪૨) એજન્સી પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી અને જો આમ થયાનું જાણવા મળશે તો એજન્સીને તાત્કાલીક અસરથી રદ કરવામાં આવશે.

(૪૩) કેન્ટીનનો ઈજારો મળવાના કિસ્સામાં એજન્સીને કઇ જગ્યા ફાળવવી તેનો નિર્ણય આચાર્યશ્રી દ્વારા કરવામાં આવશે.

(૪૪) કેન્ટીન ના સંચાલન વખતે કોઈપણ પ્રકારનું (વેસ્ટ/વોઈસ/નોઈસ/વાઈબ્રેશન/સ્મોક વિગેરે પ્રકારે) ન્યુસન્સ થાય નહી તે જરૂરી છે. જાહેર આરોગ્ય/જાહેરહિતના સામાન્ય નિયમોનું પાલન નહી કરવા બાબતની જો કોઈ ફરિયાદ માલૂમ પડશે, તો તેનો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવશે અને કાયદાકીય રાહે પગલા લેવામાં આવશે.

(૪૫) કેન્ટીનવાળી જગ્યામાં તથા બહાર કોઈપણ પ્રકારનો કચરો નાખવો નહી, તેમજ વેસ્ટ વોટર વહેવડાવવુ નહી. ભીનો કચરો તથા સૂકો કચરો અલગ અલગ પાત્રોમાં એકઠો કરવો તથા આવા પાત્રો બંધ ઢાંકણવાળા હોવા ફરજીયાત છે. કીચન વેસ્ટ નિયમ મુજબ સ્થાનિક સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ખાતાએ નક્કી કરેલ કોન્ટ્રાકટર પાસે કરાર કરી સ્થાનિક સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ખાતાના માન્ય ડમ્પીંગ સાઈટ ઉપર નિકાલ કરવો.

(૪૬) પીવાના તથા રસોઈ/નાસ્તો બનાવવાના પાણી સંગ્રહની તમામ ટાંકીઓ/સાધનો હવા ચૂસ્ત ઢાંકણથી બંધ રાખવા.

CANTEEN TENDER

(૪૭) જો લઘુત્તમ ભાવો સરખાં આવવાના કિસ્સામાં એજન્સીનો અનુભવ અને અન્ય માપદંડને ધ્યાનમાં લેવામા આવશે. એજન્સીને કોન્ટ્રાકટ આપવો કે નહી તેનો આખરી નિર્ણય આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા પાસે અબાધિત રહેશે.

(૪૮) ટેન્ડર સાથે બીડવાની વિગતો/દસ્તાવેજો ની અપૂર્ણતાને કારણે ટેન્ડર રદબાતલ થઇ શકે છે.

(૪૯) એજન્સીએ વિદ્યાર્થીઓને આ સાથે મેનુમાં જણાવેલ વિગતોનું ભોજન/નાસ્તો પૂરો પાડવાનો રહેશે. વિદ્યાર્થીઓ પાસેથી નાસ્તાના બીલની રકમ ટેન્ડર માં નકકી કરેલ ભાવ પ્રમાણે જ લેવાની રહેશે.

(૫૦) અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગના હુકમ અનુસાર બિન-ઘરગથ્થુ (COMMERCIAL) કક્ષા હેઠળનો ગેસ સિલીન્ડર પૂરવઠો એજન્સીએ પોતાના ખર્ચે અને જોખમે મેળવવાનો રહેશે. જેની માટે બિન-ઘરગથ્થુ (COMMERCIAL) કક્ષા હેઠળના ગેસ સિલીન્ડરની સાચવણી, રીપેરીગની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૫૧) પૂર્વલાયકાત ન ધરાવતી એજન્સીને ગેરલાયક ઠેરવવામાં આવશે.

(૫૨) એજન્સીએ કેન્ટીન ચલાવવા માટે રાખેલ રસોઈયાઓ/નોકરો/વર્કરો માટે નીચે જણાવેલ કાયદાઓનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- (અ) વર્કમેન લેબર રેગ્યુલેશન એકટ
- (બ) મીનીમમ વેજીસ એકટ
- (ક) પ્રોવીડન્ટ ફન્ડ એકટ
- (ડ) ઇ. એસ. આઇ. વગેરે

(૫૩) એજન્સીએ કેન્ટીનમાં કામ કરતાં કામદારોનું/રસોઈયાઓનું મેડીકલ ચેક અપ દર ૦૬ (છ) મહિને લાયકાત ધરાવતા ડોકટર પાસે કરાવવાનું રહેશે, તે પ્રમાણપત્ર કેન્ટીન ઇન્ચાર્જશ્રી ને સબમીટ કરાવવાનું રહેશે. જો કોઈ કામદાર / રસોઈયો રોગથી પીડાતો હોય, તો તુંરત જ તેને દૂર કરવાનો રહેશે.

(૫૪) કેન્ટીનમાં રાખવામાં આવતા ખાધ્ય પદાર્થો માટે જરૂરી એવું ફૂડ ઈન્સપેકટરનું સર્ટીફીકેટ મેળવવાની અને તેની નિભાવણી અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

(૫૫) ખાધ્ય પદાર્થો પીરસવા માટે ડિસ્પોઝેબલ ટાઈપના કપ/બાઉલ/ડીસ નો ઉપયોગ કરવાનો રહેશે.

(૫૬) જો એજન્સી સૂચવ્યા પ્રમાણેની આઇ. એસ. આઇ. / એગમાર્ક વાળી ખાધ્ય સામગ્રી / સાધન કરતાં હલકી કક્ષાની ખાધ્ય સામગ્રી / સાધન વપરાશ કરતાં માલૂમ પડશે તો સક્ષમ અધિકારી દ્વારા નકકી કરવામાં આવેલ પેનલ્ટી સંસ્થામાં ભરવાની રહેશે. તદ ઉપરાંત જરૂર જણાય તો, કરાર રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૫૭) ખાધ્ય સામગ્રીની ગુણવત્તા નીચે જણાવેલ ગુણવત્તા તથા માર્કો પ્રમાણેની અથવા વખતો વખત સક્ષમ અધિકારી દ્વારા જણાવ્યા પ્રમાણે સુધારા વધારાવાળી રહેશે.

| ક્રમ | ખાધ્ય સામગ્રીનું વર્ણન | ઉત્પાદક / કંપનીનું નામ |
|---|---|---|
| ૧ | ડબલ ફીલ્ટર્ડ સીંગ તેલ | રાજમોતી, અંકૂર, ગુલાબ |
| ૨ | ભાત | જીરાસર, ગુજરાત ૧૭, કૃષ્ણકમોદ |
| ૩ | બાસમતી ભાત (પુલાવ તથા જીરા રાઈસ માટે) | કોહીનૂર , દાવત, પરી |
| ૪ | પાપડ | લિજ્જત, ઉત્તમ, ભગત |
| ૫ | બેશન | ગાય છાપ, આસોપાલવ, કેપ્ટન |
| ૬ | મસાલા | એવરેસ્ટ, રામદેવ, બાદશાહ |

CANTEEN TENDER

| | | |
|---|---|---|
| ૭ | બટર, ચીઝ, પનીર, છાશ | અમુલ, મધુર, ડેરી રીચ |
| ૮ | દૂધ, દહી | અમુલ, લોકલ માર્કેટનું તાજું |
| ૯ | બિસ્કીટ | પારલે, બ્રિટાનિયા, પ્રિયાગોલ્ડ, ૨૦-૨૦, મોનેકો |
| ૧૦ | આઈસક્રીમ | હેવમોર, વાડીલાલ, અમૂલ |
| ૧૧ | ચા પત્તી / ચા બેગ | લીપ્ટન, વાઘ–બકરી, ટાટા, જીવરાજ |
| ૧૨ | કોફી | નેસ કોફી, બ્રુ, સનરાઈઝ |
| ૧૩ | બ્રેડ | સુપર, ઇટાલીયન, બ્રિટાનિયા |

(૫૮) નીચે જણાવ્યા મુજબના કારણોસર એજન્સી નો કરાર આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા તરફથી (૧૫) દિવસની નોટીસ આપ્યેથી રદ કરી શકશે.

(અ) જો એજન્સી કામ અધૂરું છોડીને ચાલ્યા જાય

(બ) જો એજન્સી ટેન્ડરની શરતો મુજબ કામ કરવામાં નિષ્ફળ તથા બેદરકાર બને

(૫૯) આ કરાર સંસ્થા દ્વારા વ્યાજબી જણાતા કોઈપણ કારણોસર ટર્મીનેટ કરવાની સત્તા આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, મોડાસાની છે અને તેમનો નિર્ણય આખરી અને લાગતાવળગતાઓને બંધનકર્તા રહેશે.

(૬૦) કોઈ પણ મતભેદ કે તકરાર મોડાસા ન્યાય અધિકરણને આધીન રહેશે.

(૬૧) ઉપરોક્ત તમામ શરતો મેં સમજીને વાંચી અને તે બધી જ શરતો મને મંજુર છે. જો મને કોન્ટ્રાકટ મળશે, તો તેનું અક્ષરશ: પાલન કરવા હું બંધાયેલ છું.

(૬૨) કેન્ટીનના નિભાવ ખર્ચ પેટે સૌથી વધુ રકમ આપનાર એજન્સીને કેન્ટીન ચલાવવા માટેનો ઈજારો આપવામાં આવશે.

ઉપરોક્ત તમામ શરતો મેં સમજીને વાંચી અને તે બધી જ શરતો મને મંજુર છે. જો મને કોન્ટ્રાકટ મળશે, તો તેનું અક્ષરશ: પાલન કરવા હું બંધાયેલ છું.

તારીખ:

સ્થળ:

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

CANTEEN TENDER

## <u>પરિશિષ્ટ-૨</u>

કેન્ટીનમાં આપવાની વાનગીની વિગત, તેની માત્રા, યુનિટ અને ભાવ દર્શાવેલ છે, જે વિદ્યાર્થી/સ્ટાફને દર્શાવેલ ભાવ પ્રમાણે જ વાનગી પીરસવાની રહેશે.

| અ. ન. | વાનગીની વિગત | માત્રા | યુનિટ | નક્કી કરેલ ભાવ (રૂ માં) | ગ્રુપ નં |
|---|---|---|---|---|---|
| ૧ | પૂરી શાક | ૨૦૦ ગ્રામ પૂરી (છ નંગ), ૧૫૦ ગ્રામ શાક | ફીક્ષ ડીશ | ૪૦/- | ગ્રુપ નં - A |
| ૩ | સાદા ઢોંસા (સંભાર સાથે) | ૧૫૦ ગ્રામ | ફીક્ષ ડીશ | ૫૦/- | |
| ૪ | મસાલા ઢોંસા / ઉત્તપમ (સંભાર સાથે) | ૧૫૦ ગ્રામ | ફીક્ષ ડીશ | ૬૦/- | |
| ૫ | ભાજી પાઉં (તેલમાં (બટરમાં) | ૧૫૦ ગ્રામ (૨ નગ) | ફીક્ષ ડીશ | ૬૦/-<br>૮૦/- | |
| ૬ | ઈડલી (સંભાર સાથે) | ૧૫૦ ગ્રામ (૨ નગ) | ફીક્ષ ડીશ | ૨૫/- | |
| ૭ | ભજીયા/ગોટા/બટાટા વડા / દાળ વડા | ૧૦૦ ગ્રામ | ફીક્ષ ડીશ | ૨૦/- | ગ્રુપ નં - B |
| ૮ | બટાકાપૌઆ | ૧૦૦ ગ્રામ | ફીક્ષ ડીશ | ૨૦/- | |
| ૯ | બ્રેડ બટર સ્લાઈસ | ૨ નંગ | ફીક્ષ ડીશ | ૨૦/- | ગ્રુપ નં - C |
| ૧૦ | સમોસા (ચટણી સાથે) | ૧૫૦ ગ્રામ (૨ નંગ) | ફીક્ષ ડીશ | ૨૫/- | |
| ૧૧ | * ચા | મોટો કપ (૧૦૦ મીલી)<br>નાનો કપ (૫૦ મીલી) | ૧ કપ<br>૧ કપ | ૧૦/-<br>૬/- | |
| ૧૨ | * કોફી | મોટો કપ (૧૦૦ મીલી) | ૧ કપ | ૨૦/- | |
| ૧૩ | * દૂધ મસાલા વાળું / બોર્નવિટા | ૧૫૦ ગ્રામ (મોટો કપ) | ૧ કપ | ૨૦/- | |
| ૧૪ | * પેઈડ નમકીન પેકેટ/ બિસ્કીટ, લસ્સી, છાશ, દહી | ૧૦૦ ગ્રામ | એક પેકેટ | એમ. આર. પી. મુજબ | |
| ૧૫ | * નામાંકીત કંપનીના આઈસક્રીમ/ઠંડા પીણા | ________ | ________ | એમ. આર. પી. મુજબ | |
| ૧૬ | * દાબેલી / વડા પાઉં (ચટણી સાથે)<br>તેલમાં<br>બટરમાં | <br><br>૧ નંગ<br>૧ નંગ | <br><br>૧ નંગ<br>૧ નંગ | <br><br>૨૫/-<br>૩૦/- | |

નોંધ – ઉપરના ત્રણ ગ્રુપ નંબર A, B અને C દરેકમાંની ઓછામાં ઓછી એક આઈટમ રાખવી ફરજિયાત છે.

* નિશાની વાળી આઈટમ રાખવી ફરજિયાત છે.

પરિશિષ્ટ-૨ માં જણાવ્યા સીવાય ની વસ્તુ ઓ પીરસવાના સંજોગો માં તેની માત્રા તથા ભાવ કેન્ટીન કમીટી પાસે નકકી કરાવવાના રહેશે.

CANTEEN TENDER

# <u>પરિશિષ્ટ-૩</u>
## <u>કેન્ટીન માટેના ટેન્ડર સાથે રજુ કરવાની વિગતો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | એજન્સીના માલીકનું નામ | : | |
| ૨ | એજન્સીનું નામ તથા સરનામું અને મોબાઈલ નબર | : | |
| ૩ | રજીસ્ટ્રેશન કેન્દ્ર સરકારના વિભાગો/રાજ્ય સરકારના વિભાગો/મ્યુનિસિપલ કોર્પોરેશન વગેરેનું રજીસ્ટ્રેશન નોંધણી નંબર | : | |
| ૪ | ભારત સરકાર દ્વારા ૦૫/૦૮/૨૦૧૧ થી લાગુ કરવામાં આવેલ Food Safety and Standards (Licensing and Registration of Food Businesses) Regulations, 2011 મુજબનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પરવાનાની પ્રમાણિત નકલ.* | : | |
| ૫ | વ્યવસાયમાં જોડાયાનુ વર્ષ | : | |
| ૬ | વ્યવસાયવેરો રજીસ્ટ્રેશન નંબર | : | |
| ૭ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર જો હોય તો (લાગુ ન પડતું હોય તો કારણો દર્શાવવા) | : | |
| ૮ | પ્રોવિડન્ટ ફંડ ઈ.એસ.આઇ. નંબર (લાગુ ન પડતુ હોય તો કારણો દર્શાવવા) | : | |
| ૯ | આવક વેરા હેઠળ નોંધાવેલ PAN નંબર | : | |
| ૧૦ | છેલ્લા ત્રણ વર્ષનાં નાણાંકિય આઇ. ટી. રીટર્ન ની પ્રમાણિત નકલો | : | |
| ૧૧ | એજન્સી પાસે તાલિમબધ્ધ સ્ટાફ છે? રસોઈ યંત્રો છે? ક્યા ક્યા? તેની વિગત | :<br>: | |
| ૧૨ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે? સંસ્થાના નાણાંકિય ડિફોલ્ટર નથી તેવું રેકર્ડ પર પોલીસ કેસ નથી તેનું નોટરી કરાવેલું બાંહેધરી પત્ર આપવું. | : | |
| ૧૩ | અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ ભર્યાની રસીદની વિગત ડ્રાફ્ટ નંબર તારીખ બેંકની વિગત | :<br>: | |
| ૧૪ | કેન્ટીન ચલાવવાનો અનુભવ અંગેના પ્રમાણ પત્રો (નકલ સામેલ રાખવી) | : | |
| ૧૫ | ટેન્ડર ફીની રકમ રૂ.૧૦૦૦/- ભર્યાની રસીદની વિગત/ ડ્રાફ્ટ નંબર, તારીખ, બેંકની વિગત | | |

CANTEEN TENDER

અરજદારની સહી અને સિક્કા:

## <u>પરિશિષ્ઠ ૪</u>
## <u>(પૂર્વ લાયકાત ફોર્મ)</u>
## <u>કેન્ટીન માટેના ટેન્ડર ફોર્મ સાથે જોડવાના દસ્તાવેજ તથા પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો</u>

| ક્રમ | જોડવાના દસ્તાવેજ અથવા પ્રમાણપત્રો | સામેલ છે? હા/ના સ્પષ્ટ લખવું |
|---|---|---|
| ૧ | અરજદારના પાસપોર્ટ સાઈઝના ફોટા નંગ – ૧ (પેજ ન ૧ પર લગાવવો) | |
| ૨ | ફોટા સાથેની કાયમી રહેઠાણના પુરાવાની નકલ (ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાસપોર્ટની પ્રમાણિત નકલ, આધાર કાર્ડ વગેરેમાંથી ગમે ત ૦૧) | |
| ૩ | મ્યુનિસિપલ કોર્પોરેશન / ગુમાસ્તાધારા અંતર્ગત સંસ્થાની નોધણી અંગેનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પ્રમાણપત્રની નકલ. | |
| ૪ | ભારત સરકાર દ્વારા ૦૫/૦૮/૨૦૧૧ થી લાગુ કરવામાં આવેલ Food Safety and Standards (Licensing and Registration of Food Businesses) Regulations, 2011 મુજબનું સક્ષમ સત્તાધીકારીનું માન્ય પ્રમાણપત્રની નકલ. | |
| ૫ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર નો પુરાવો જો હોય તો | |
| ૬ | પ્રોવિડન્ટ ફંડ ઇ.એસ.આઇ. નંબર નો પૂરાવો જો હોય તો | |
| ૭ | PAN કાર્ડની પ્રમાણિત નકલ. | |
| ૮ | છેલ્લા ત્રણ નાણાકીય વર્ષની ઇન્કમટેક્સ રિટર્ન ભર્યા ની નકલ. | |
| ૯ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે? સંસ્થાના નાણાંકિય ડિફોલ્ટર નથી તેવું રેકર્ડ પર પોલીસ કેસ નથી તેનું નોટરી કરાવેલું બાંહેધરી પત્ર | |
| ૧૦ | કોઇ પણ સ્થળે કામગીરી બદલ 'અયોગ્ય' ઠરાવાયેલ નથી એવું અરજદારની નોટરી દ્વારા પ્રમાણિત નકલ. | |
| ૧૧ | હાલમાં કામ/ કોન્ટ્રાકટ મેળવેલ હોય તેવી સંસ્થાઓના વર્ક ઓર્ડર અને સંતોષકારક કામગીરીના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ. | |
| ૧૨ | અર્નેસ્ટમની ડીપોજીટ ની રસીદ ની નકલ / ડિમાન્ડ ડ્રાફ્ટ ની વિગત<br>ડી. ડી. ચેક નં : ____________ તારીખ ___________ રકમ રૂ.: ________________<br>બેંક : ____________________________ | |

ચકાસણી કરનાર અધિકારીઓના નામ અને સહી:

(૧) (૪)

(૨) (૫)

(3) (૬)

CANTEEN TENDER

**પરિશિષ્ઠ ૫**
**નોંધ – ભાવ-પત્રક અલગ કવરમાં આપવું**

**સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા ખાતે આવેલ કેન્ટીન ચલાવવા માટેની સેવા પૂરી પાડવા માટેના પેઢી/એજન્સી તરફથી ઓફર કરવામાં આવેલ નિભાવ ખર્ચ પેટે ની રકમ નું પત્રક**

પેઢી નું નામ : ________________________________________

આથી હું નીચે સહી કરનાર એ બાબત સાથે સંમત થાઉ છું કે

(૧) આ ટેન્ડર માં જણાવેલ પરિશિષ્ઠ ૧ તથા ૨ ની શરતો વાંચી અને સમજેલ છે.
(૨) પરિશિષ્ઠ ૩ માં તમામ જરૂરી વિગતો ભરેલ છે
(3) પરિશિષ્ઠ ૪ માં માગેલ દસ્તાવેજો જોડેલ છે.

મારા આ કેન્ટીન ચલાવવા માટેના સંસ્થાને પ્રતિ માસ ચૂકવવાની નિભાવ ખર્ચ પેટે નીચે જણાવ્યા મુજબ ની રકમ ચૂકવવાની તૈયારી દર્શાવું છું. આ રકમ ઉપરાંત પ્રતિ માસ ના ઇલેકટ્રીક પાવર ના વપરાશ અગે સંસ્થા તરફથી આકારવામાં આવેલ ઇલેકટ્રીક બીલ ની રકમ ભરવા પણ હું બંધાયેલ છું.

એજન્સી દ્વારા નિભાવ ખર્ચ પેટે સંસ્થાને ચૂકવવાનો માસિક દર રૂપિયા ________________

(શબ્દોમાં ______________________________________________________________)

**(ઇલેકટ્રીક બીલ ની રકમ સિવાય)**

આ કામગીરી માટે કુલ ચૂકવવાની થતી રકમ હું દરેક માસ ની ૧૦ તારીખ સુધી ભરપાઈ કરી દઇશ તેની બાંહેધરી આપું છું.

અરજદારની સહી અને સિક્કા:

અરજદારનુ નામ અને સરનામુ:

**નોધ: કેન્ટીનના નિભાવ ખર્ચ પેટે સૌથી વધુ રકમ ચૂકવવાની તૈયારી દર્શાવશે તે એજન્સીને કેન્ટીન ચલાવવા માટેનો ઈજારો આપવામાં આવશે.**



CANTEEN TENDER